# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૮ • અંક ૧૦ • સળંગ અંક ૯૩ • મુંબઈ • ઑગસ્ટ ૨૦૧૪ • પાના ૧૨ • છૂટક નકલ રૂા. ૨/–

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર



ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## પ્રમુખસ્થાનેથી...

સ્નેહી સ્વજનો,

જય જિનેન્દ્ર!!

*સોનેરી કિરણોની મબલખ મિલકત જોઈ,*
*લોકો જોને સાચો જૂઠો વહેમ કરે છે,*
*રોજ મઝાની સાંજ નામનો ચેક લખીને*
*સૂરજ એના ભાગનો ઈન્કમટેક્સ ભરે છે!*

❑ **મુકેશ જોશી**

### અશ્રુ અને જીવન સંધ્યાનો વૈભવ :

ખરા શબ્દોમાં પ્રત્યેક સાંજ વાત્સલ્યની હકદાર છે. એક સાંજમાં અનેક અનુભૂતિ સમાઈને બેઠી હોય છે. સાંજ પાસે મિલનનો યોગ અને ઉદાસીનો હકક છે, વ્હાલપનો અવસર છે. એકલતાનું દુઃખ છે અને નિરાંતનો ઉત્સવ છે.

ભગવાને ભીનાશને આ પૃથ્વીનો ઘણો કારોબાર સોંપ્યો છે. મસમોટા દરિયાના અફાટ જળરાશી સામે નાનકડા લીલુડાં પાંદડા પર બેઠેલ ઝાંકળના ટીપા એટલા જ રળિયામણા લાગે છે. ઘણી વખત એમ લાગે છે કે ઝાંકળ એ રાતના આંસુ છે. **આંસુનો કોઈ રંગ નથી હોતો છતાં તેનામાં વેદનાનો રંગ ઘોળાઈને આવતો હોય છે.** માનવ જીવનના ઊંડાણમાં આકાર લેતા મેઘધનુષને અશ્રુ આગવી શૈલી દ્વારા પરિચિત કરાવે છે.

જીવન સતત વહેતો અને કદી પાછો ન વળતો પ્રવાહ અને પ્રવાસ છે, તે ભરપૂર પ્રેમનો ખુબસુરત મનભાવન દરિયો છે અને તેજનો પારાવાર પૂંજ પણ! સ્નેહાળ સ્વીકૃતિમાં અહેસાસથી સકારાત્મક પરિવર્તનો ખુબ જ સરળતાથી સિધ્ધિને પામે છે. પરિવર્તનના પગથિયા ચઢવાનું સર્વાધિક મહત્વનું છે. **આપણી આંતરિક સમૃધ્ધિ અતાગ અને અથાગ છે.** જીવનના અનુભવોથી આત્માને સુંદર, સંપન્ન અને સમૃધ્ધ બનાવી શકાય છે. જીવનને સંપૂર્ણ અને પરિપૂર્ણ બનાવવા અસ્તિત્વ અને આત્માને એકાકાર કરવો આવશ્યક છે. **પ્રાર્થનાની યાત્રાના નકશા નથી હોતા** માટે જીવ અને શીવ વચ્ચેનો સુવર્ણસેતુ શ્રધ્ધા અને પ્રાર્થના બને છે. સકારાત્મક અભિગમ અને દ્રઢતા થકી આત્માની ઓળખ, શરીરની પરખ અને મનની માવજત આધ્યાત્મિકતા સાથે માણસના માનસને સ્વસ્થ અને મુકત બનાવે છે. **તરસવાનો અને વરસવાનો સંબંધ સનાતન છે** માટે લોકોનું જ્યાં તરસવું હોય ત્યાં જ આપણો વરસાદ હોય તે સ્વાભાવિક છે.

### પ્રતિબિંબની પગથારે :

**શ્રી પાટણ જૈન મંડળ**નું મોરપીંછ સમાન માસિક મુખપત્ર 'પાટણ પ્રતિબિંબ' સંસ્થા સાથોસાથ પ્રગતિની પગથાર ઉપર ૩૬ માં વર્ષમાં સહર્ષ પ્રવેશ કરી રહ્યું છે. મારી, તમારી અને આપણાં સૌની સક્ષમ લાગણીઓના સતત અને અવિરત પડઘા પ્રતિબિંબ પાડી રહ્યું છે. સભ્ય અને સમાજ સાથે સંવેદન, સંપર્ક અને સંગઠનનો અદ્દભુત સેતુ રચવામાં સંપાદક સમિતિ મહદ અંશે સફળ થઈ છે. દિનપ્રતિદિન નિત નવા કલેવર ધારણ કરી સંસ્થા અને તેના કાર્યો વિશેની માહિતી સાથે પ્રતિબિંબ લાગણીના લય, રંગ અને તરંગને આલાપી રહ્યું છે. ઉત્કૃષ્ટ સાહિત્યશૈલી અને સમાચારોને આ મુખપત્રમાં સમયસર કલાત્મક રીતે પ્રદર્શિત કરવા બદલ

### ૩૬ મા વર્ષના ઉગમતે પ્રભાતે

**જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય, સંસ્કાર, સેવા અને સાધનાની નોખી અને અનોખી કેડી કંડારતા શ્રી પાટણ જૈન મંડળના મુખપત્ર પાટણ પ્રતિબિંબ યશસ્વી દીર્ઘ યાત્રાના ૩૬ માં વર્ષમાં પ્રવેશ કરતાં આપ સૌ મહાનુભાવોનુ હાર્દિક અભિવાદન કરે છે.**

**૧૫ મી ઓગષ્ટ ૧૯૭૯ ના વર્ષથી પાટણ પ્રતિબિંબે સતત અને અવિરત નવા સીમાચિન્હો અંકે કરેલ છે. આભા અને પ્રતિભાના ઓજસ ધરાવતા આપણાં સમાજે અનેક પ્રારબ્ધ પુરુષાર્થવાળા વિરલાઓ આપ્યા છે. જેની સૌમ્ય સેવામય છાંટ અને છટાઓએ ચિરંતન ચૈતન્યની જ્યોત ઝળહળતી રાખી છે. સ્વતંત્ર ભારતની ૬૮ મી વર્ષગાંઠ અને પાટણ પ્રતિબિંબની ૩૬ મી વર્ષગાંઠના દ્વિગુણા આનંદના અવસરે સર્વે મિત્રોને અનેક શુભેચ્છાઓ સાથે હાર્દિક અભિનંદન!**

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

આજીમાજી કર્તવ્યનિષ્ઠ સંપાદકોને ખોબલે ખોબલે અભિનંદન.

ભારતની આઝાદીની ૬૮ મી વર્ષગાંઠ અને **'પાટણ પ્રતિબિંબ'**ના ૩૬મા વર્ષના પ્રવેશે **સંપાદક સમિતિ** અને સભ્ય મિત્રો આપ સૌને ઉમળકાભેર આવકારતા સહર્ષ આનંદની લાગણી અનુભવે છે. ચાલો આપણે સૌ ભેગા મળી સેવા અને સાધના થકી પ્રગતિના દિપકને પ્રદિપ્ત બનાવીએ.

### દાન ગંગાના પ્રવાહો :

સંસ્થાને **શ્રીમતી સુધાબેન પનાલાલ ચુડઘર મેડીકલ રીલીફ ફંડ** ખાતે રૂા.૪,૫૦,૦૦૦/- **મે. કાંતિલાલ મણિલાલ એન્ડ કું.પ્રા.લિ.** (ચોધરીની શેરી) તરફથી સખાવત પ્રાપ્ત થયેલ છે. ડૉ.**શ્રી હસમુખલાલ માણેકલાલ શાહ** (કલકત્તા-ખડાખોટડીનો પાડો) અને **શ્રીમતી સુશીલાબેન હસમુખલાલ શાહ** તરફથી મેડીકલ તથા શૈક્ષણિક સહાય કોપરસ ફંડમાં કુલ રૂા.૧,૦૨,૦૦૦/- પ્રાપ્ત થયા છે. **શ્રી સાંતાક્રુઝ જૈન તપગચ્છ સંઘ** (સાંતાક્રુઝ) તરફથી રૂા.૧,૦૮,૦૦૦/- અને **શ્રી ગુરૂકૃપા માતૃમંદિર જૈન સંઘ** (તારદેવ) તરફથી રૂા.૫૧,૦૦૦/- શ્રી સિધ્ધહેમ જ્ઞાનપીઠ (પાટણ)ના વિકાસાર્થે પ્રાપ્ત થયા છે. **એક શુભેચ્છક** તરફથી વિકલાંગ ઉત્કર્ષ કોરપસ ફંડ ખાતે રૂા.૧,૦૦,૦૦૦/- ની સખાવત પ્રાપ્ત થયેલ છે. સંસ્થા આ દાતાઓની સાભાર અનુમોદના કરે છે.

### આર્ટસ, સાયન્સ અને કોમર્સ કોલેજ-પાટણ :

શ્રી પાટણ જૈન મંડળ આર્ટસ, સાયન્સ અને કોમર્સ કોલેજ પાટણ ખાતે શરૂ થઈ ચૂકી છે. દરેક ફેકલ્ટીના નિષ્ઠાવંત પ્રાધ્યાપકોની નિમણુંક પણ કરવામાં આવેલ છે. વર્ગો નિયમિતપણે શરૂ થઈ ગયેલ છે. જેમાં હાલમાં આર્ટસમાં ૧૬૪ અને કોમર્સમાં ૩૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહેલ છે. સાયન્સમાં ૧૨૦ વિદ્યાર્થીઓની યુનિવર્સિટી તરફથી ફાળવણી થયેલ છે. તે પૈકી ૫૩ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે.

### પર્યુષણ મહા પર્વ :

ઓગષ્ટ માસ આવતા જ વિવિધ તહેવારોની ભરમાર શરૂ થઈ જાય છે. સ્વાતંત્ર્ય દિન, રક્ષાબંધન, ગોકુળ અષ્ટમી, પર્યુષણ મહાપર્વ તથા વિવિધ ધાર્મિક તહેવારોને આવકારવા લોકો હોંશભેર તૈયાર થઈ જાય છે. આપણે પોતા માટે સંપત્તિનો સંચય કરીએ છીએ પણ વંચિતો માટે કેટલું વિચારીએ છીએ. સ્વમતિ છોડી સન્મતિ અપનાવી આપણી નૈતિકફરજ નિભાવવી જોઈએ. જન્મ પહેલાં જે આપણું હતું નહીં. મરણ બાદ જે આપણું રહેવાનું નથી તેને દાન કેવી રીતે કહી શકાય. આટલું માત્ર જો આપણે સમજી સમર્પણ કરીએ તો સિધ્ધત્વના હકદાર બનાય. **પૈસો અને પડછાયો બન્ને સમાન ધ્રુવ પર છે.** જેવું આપણે પડછાયાથી મુખ ફેરવી લઈએ કે તે લાંબો થતો જાય. જે પર છે તે જ પરિગ્રહ છે અને પરિગ્રહનો ત્યાગ એ જ મહાદાન છે. પરિગ્રહ છોડવાના ભાવ સાથે છોડેલી સંપત્તિ એ માત્ર દાન નથી પણ દાન, આદાન અને પ્રદાન છે.

કર્મયોગે વિતરાગી પ્રભુ મહાવીરનું શાસન આપણને મળેલ છે. પર્વાધિરાજ પર્યુષણના ઓવારણા લઈ આરાધનાના રંગમાં રંગાઈ દાન, ધર્મ, તપ અને આરાધના કરીએ અને કરાવીએ. કર્મનિર્જરાર્થે યથાશકિત તપસ્યા કરશો. સંવત્સરી પર્વને લક્ષમાં રાખી મારા થકી આપને મનદુઃખ થયું હોય તો ક્ષમાયાચના કરૂં છું. વૈમનસ્યને વેરવિખેર કરવા શ્રધ્ધાના સેતુથી સંયમનું રસપાન કરીએ. એકમેકને ખમીએ અને ખમાવીએ

આભાર...!

**પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી**
**શ્રી પાટણ જૈન મંડળ**


## PATAN CO-OPERATIVE BANK LIMITED

RASIK NIWAS, PATAN JAIN MANDAL MARG,
MARINE DRIVE, MUMBAI – 400 020.
TEL .: 22815290/22817444/22819403 FAX : 22816513.

## NOTICE TO MEMBERS

The 33rd Annual General Meeting of the members of **THE PATAN CO-OPERATIVE BANK LTD.** will be held on 5th September 2014, Friday at 3.00 p.m. at Patan Jain Mandal Hall, Patan Jain Mandal Marg, Marine Drive , Mumbai – 400 020 for the transaction of the following business. Your presence therefore is highly solicited.

**A G E N D A**

1. To read and confirm minutes of the 32nd Annual Meeting held on 27th September 2013;
2. To review and approve the following proposals :-
   - i. Annual Report for the year 2013-14;
   - ii. Profit and Loss account for the year ended on 31st March 2014;
   - iii. Balance-sheet of the year ended on 31st March 2014;
3. To consider the report of Statutory Auditor – M/s. Vaishampayan & Padhye, for financial year 2013-14;
4. To appropriate net profit and declare dividend for the year ended 31st March 2014, as proposed by Board of Directors;
5. To approve the Annual Budget for the year 2014-15;
6. To appoint Internal/Concurrent Auditor and Statutory Auditor for the year 2014-15 and authorize Board to fix their remuneration;
7. Any other matter with the permission of the Chair.

**# Dividend will be payable only through standing instruction (account with our Bank) or ECS (account with other Bank).**
**# No physical dividend warrant will be issued.**
**# The members are requested to submit standing instruction or ECS mandate at the earliest.**

**BY ORDER OF THE BOARD OF DIRECTORS**
**Sd/-**
**S.V. BHUTA**
**Date : 25th July 2014. CHIEF EXECUTIVE OFFICER**

**IMPORTANT NOTE TO MEMBERS :**

1. Members desire to receive annual report copy are requested to contact any of branch or provide your email I.D. for receiving the annual report by e-mail.
2. This notice should be treated as notice to individual member.
3. If there is no quorum within half an hour after the appointed time, the meeting shall stand adjourned to 3.30 p.m. on the same day and same venue and the agenda of the meeting shall be transacted irrespective of the quorum.
4. Members wishing to offer any suggestion at the Annual General Meeting or ask any question pertaining to the annual report and accounts are requested to write to the Bank atleast 7 days before meeting date i.e. on or before 28th August 2014.
5. Members are requested to intimate any change in name of nominee, office and residential address, status etc. so as to keep our records up to date.
6. Members are requested to collect their dividend for the previous three years, if not collected, to avoid its forfeiture.

advt

## તંત્રીસ્થાનેથી...

# અતિતને કિનારે...સ્વપ્નને સથવારે

વ્યકિત જયારે કોઈ પ્રકારનું વિઝન રાખે અને તેને મેળવવાના અથાગ પ્રયત્નો આદરે ત્યારે તે મેળવી ને જ રહે છે. દુનિયામાં દરેક માનવી બીજા માનવીની આંખમાં પોતા માટે આદરની ભાવના જોવા ઈચ્છે છે તે એટલી હદે કે વખાણ ખોટા હોય તો તેને નકારવાની ઈચ્છા થતી નથી. પ્રેરણા આપણે ફકત અને ફકત આપણી પાસેથી જ લેવાની છે. હુ માનું છું કે, પોતાની પાસેથી પ્રેરણાની જરૂર આપણે જયારે નિષ્ફળ જતા હોઈએ ત્યારે જ હોય છે.

આપણે પરિણામલક્ષી થઈ ગયા છીએ. પરિણામ આજની વાત નથી. આવતી કાલની ઘટના છે. ચિંતા, ફાળ અને ફડકામાં રહીને કરવામાં આવેલ કાર્યમાં કયારેય ભલીવાર આવે નહીં. આપણે આવનારી ક્ષણની ચિંતામાં આ ક્ષણને વેડફી નાખીએ છીએ. પરિણામ કરતાં પ્રક્રિયાને સાક્ષી, ભાવે જોઈએ તો અઢળક આનંદ આવે. **આપણે બુધ્ધિ અને દ્વિધા સાથ સંકલ્પ માટે આવેલ વિકલ્પોમાં વેરાઈ જઈએ તો આ ક્ષણ કાયમ માટે ગુમાવી દઈએ છીએ.** વિચારો, સંસ્કારો, સંસ્મરણોના તમામ આકર્ષણોને ખાલી દીધા બાદ શાંતિની લહેર આવે ત્યારે મૌનમાં જાતને વહેતી મૂકવી જોઈએ. હું અને તું નું વિસર્જન થાય ત્યારે પ્રેમ પુષ્પની કળી ખીલે છે, જે નિતાંત મૌન અને પ્રગાઢ શાંતિની નીપજ બને છે.

ઉંમર વધતાં જવાબદારી વધે અને જોખમ લેવાની ક્ષમતા ઘટી જાય છે. કોઈ જોખમ ન લેવું તે પણ જિંદગીનું મોટામાં મોટું જોખમ છે. વ્યકિતમાં માનસિક સ્પષ્ટતા, પોતાના વિચારોમાં શ્રધ્ધા, પરિશ્રમ પ્રત્યે દ્રઢતા અને મકકમતા હોય ત્યારે હકારાત્મક અભિગમ સંવાદ ને સંવેદનાનો ઉદ્દભવ થાય. તમારા કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરો અને બ્રહ્માંડને તેનો સ્પષ્ટ સંદેશો મોકલો. **પ્રાર્થના એટલે જાત સાથેનો સંકલ્પ. કર્મ અને કાર્યમાં એકવાકયતા અને સંવાદ સાધવો હોય તો પ્રથમ આપણે આપણી જાત સાથે આંતર મનના ઉંડાણમાં સંબંધની સ્થાપના કરવી જોઈએ.** જિંદગીના કોર્ષમાં રોજ નવા પ્રકરણ ઉમેરાય કે બાદ પણ થાય.

દરેક પ્રાર્થનામાં યાચના, સંસારની સુખ સમૃધ્ધિની ઝંખના અને મોટપ માટેની માંગણી હોય છે. ભવિષ્યના મેઘધનુષના રંગોને આંજીને ચાલનારો માણસ આવતી કાલે બેરંગ થઈ જતો હોય છે. **જે માનવી આજને નથી સાચવી શકતો તે આવતી કાલને પણ ખોઈ દે છે.** આજના ગર્ભમાંથી આવતી કાલ જન્મવાની છે માટે તેને હિરણયગર્ભ બનાવવી કે કથીર બનાવવી તે આપણે જ નકકી કરવાનું છે. વાસ્તવિકતાની સચ્ચાઈ પણ કયારેક આપણને સ્તબ્ધ કરી નાખે છે. **જે માણસ વર્તમાન ક્ષણને રોળી નાખે છે તેને કદી શાશ્વતીનો સ્પર્શ થતો નથી.** જીવનમાં સંઘર્ષ ત્યારે સર્જાય છે, જયારે હોવું અને થવુંની મથામણ ચાલતી હોય. સમજણ અને આચરણની વચ્ચે અથડાતા માનવી પાસે બધુ હોવા છતાં પોતાનું માપ નથી હોતું. પિંજરામાં પુરાયેલા હોઈએ ત્યારે આકાશના અનુભવની વાત ન કરાય. આપણે તરંગી છીએ કલ્પનાશીલ નથી. આપણે પોતે સર્જેલી ઈચ્છાઓના, જગાવેલી ઝંખનાઓના અને વાસનાઓના પિંજરમાં કેદ છીએ. સંઘર્ષનો અંત સ્વીકૃતિમાં છે. ખરા શબ્દોમાં **આપણે આપણી જ કરૂણતાના સત્વહીન સર્જક છીએ. તરસ માનવીનો પ્રાકૃતિક સ્વભાવ છે. પ્રત્યેક સંબંધમાં સમાધાન અને સમજણનું અસ્તિત્વ આવશયક છે.**

દેશકાળ પ્રમાણે માણસની રહેણીકરણી બદલાય, પણ મૂળ તો માણસ એ નો એજ છે. માણસનો ચહેરો - મહોરો એની સાચી ઓળખ નથી. સ્વચ્છંદિતા અને મનસ્વિતાને નેવે મૂકી સ્વ અને સમાજની માનસિકતા બદલવાનો સમય આવી ગયો છે. મન અને મનના વ્યાપારો એક સરખા હોય છે અને ભૌતિકવાદને લીધે વિશેષ વકર્યા છે. **માણસ જેટલો બહારથી સભ્ય દેખાય છે, એટલો અંદરથી બર્બર પણ છે. આપણે તમામ નામ વિનાના પરબિડીયા જેવા છીએ.** ઉપરછલ્લી ઝાકઝમાળ અંદરનો વલોપાત, અતૃપ્તિ અને અધિરાઈના છાયા પડછાયાથી માણસ અંદરથી ઓલવાતો જાય છે. આંતરવૈભવનુ રમ્ય દર્શન અને વિભૂતિયોગ મન અને કાર્યનું સાતત્ય જ રચી આપે છે. આખા આકાશને ફળિયામાં પાથરીને બેસી રહેવું અને ઉંબરાની વચ્ચે પંખીના ટહુંકાનું મળવું એ પણ દિવસનું જમા પાસુ જ છે. ગતિ નહીં પણ ગતિના અભાવને અનુભવીને આપણે વર્તુળાકારે ગોળગોળ ઘૂમી રહ્યા છીએ.

દરેક હિત અને હેતુઓ પાછળ ગણિત અને ગણતરી સાથે પાંગળા પ્રયોજન હોય છે. વિઘ્નો અને પડકારોનો એકલે હાથે સામનો કરી સર્જન યાત્રામાં સપનાના વાવેતર થકી પરિવર્તનની અહાલેક જ માન અને સન્માનના અધિકારી બનાવે છે. પછી તેના પરિણામો નિર્ધારિત હોય, અપેક્ષિત હોય કે ગોપિત પણ હોઈ શકે. મોજ મઝા માટે મહત્વકાંક્ષાઓના માદળિયા આપણે પહેરી રાખ્યા છે. તેથી મન મારા સૌ દોડે ત્યાં એકલો થંભી જા.

એકરાર કરીને જવાબદારીનું સ્થળાંતર કયારેય થઈ શકતું નથી. ડામરની કાળી સડકો ઉપર વાહનની ગતિએ દોડતા માણસને આ ધૂળિયા માર્ગ પર કેટલી સૂવર્ણ રજકણો છે એનો અંદાજ કયાંથી હોઈ શકે. હૃદયમાં દટાયેલ પથ્થર ખસે તો ફૂલની હળવાશ અને સુવાસ અનુભવાય. તો ચાલો, અતિતને કિનારે અને સ્વપ્નને સથવારે નવજીવનની કેડી કંડારવા.

**❑ સંપાદક સમિતિ**


શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ESTD. ૧૯૯૮

**અલ્પા મેરેજ બ્યુરો**

**પાટણ સમાજનું મેરેજ બ્યુરો**

પર્યુષણ પર્વની આરાધના કરતા સમાજરના સર્વે

ભાઈ-બહેનોને પણ તન-મન-વચનથી ખમાવતા

**મિચ્છામિ દુક્કડમ્**

**શ્રીમતી અલ્પા શાહ** ૯૮૨૩૨ ૧૮૭૪૬

Email : alphashah5@yahoo.co.in ADVT

## તેજસ્વી વિદ્યાર્થીઓનું અભિવાદન

એસ.એસ.સી., એચ.એસ.સી., કૉલેજ લેવલ, ડિગ્રી ડિપ્લોમા કોર્સ તેમ જ અનેક શૈક્ષણિક ક્ષેત્રોમાંથી સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમની વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ સ્તરના ગુણાંક મેળવીને ગૌરવપ્રદ સિદ્ધિ હાંસલ કરી છે તેમને મંડળ તરફથી પારિતોષિક તથા મેરિટ સર્ટિફિકેટ એનાયત કરી દર વર્ષે અભિવાદન કરવામાં આવે છે. સદરહુ પારિતોષિક મેળવવા માટે વિદ્યાર્થીએ સંસ્થાએ નિયત કરેલું અરજીપત્રક ભરવાનું હોય છે. જેની સાથે છેલ્લી વાર્ષિક પરીક્ષાના માર્કશીટની ઝેરોક્ષ કોપી બીડવાની હોય છે. તે મુજબ સદરહુ પ્રાઈઝ મેળવવા અંગેનું અરજીપત્રક સંસ્થાના મુખ્ય કાર્યાલયમાંથી મેળવી સંપૂર્ણ વિગતોસહ ભરી **તા. ૩૧-૦૮-૨૦૧૪ સુધીમાં મોકલવી આપવા વિનંતી.**

**નોંધ :** કાર્યાલય ખાતે ભરાઈને આવેલ અરજીપત્રક મુજબ જ ગુણવત્તાના ધોરણે પ્રાઈઝ એનાયત કરવામાં આવશે.

## પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ

**શ્રી પાટણ જૈન મંડળ અને શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા સંયુક્તપણે પ્રતિવર્ષ પોસ્ટ ગ્રેજ્યુએશનનો ઉચ્ચ અભ્યાસ કરનાર, પ્રતિભાશાળી / તેજસ્વી વિદ્યાર્થી ભાઈ–બહેનોને શૈક્ષણિક ગુણવત્તાના ધોરણે વાર્ષિક **રૂા. ૧૦,૦૦૦/-** ની એક એવી બે પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવે છે. તદ્‌અનુસાર આ વર્ષે બીઝનેસ મેનેજમેન્ટ, મેડીકલ સાયન્સ, કૉમ્પ્યુટર એન્જિનિયરીંગ, આઈ.એ.એસ. અથવા ડૉક્ટરેટ પીએચ.ડી. (કોઈપણ વિષય) તેમજ આવા પ્રકારના ઉચ્ચ કક્ષાના પોસ્ટ ગ્રેજ્યુશન કોર્ષમાં ઊત્તીર્ણ થયેલા વિદ્યાર્થી ભાઈ–બહેનોને મેરીટ સ્કોલરશીપ આપવા અંગે અરજીપત્રક મંગાવવામાં આવે છે. મંડળના કાર્યાલયમાંથી આ અંગેનું ફોર્મ મેળવી સંપૂર્ણ વિગતોસહ ભરીને **તા. ૩૧–૦૮–૨૦૧૪** સુધીમાં પરત મોકલાવી આપવા વિનંતી છે.

**પ્રસ્તુત સ્કોલરશીપ માટે, વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષેત્રની તેજસ્વીતાને જ પ્રાધાન્ય અપાય છે જે આપને વિદિત થાય.**

**☐ શિક્ષણ સમિતિ**


Pentomime

*unbridled creativity for hire...*



Over 13 years of expertise and experience in helping 100+ undergraduate and graduate students with:

- College Applications
- Statements of Purpose
- Essays and Reports
- Resumes / CVs
- Dissertations / Theses
- Career Counselling

University of Toronto · NUS · Penn State · Deakin University · University of Michigan · New York University · Harvard University · UMass · MIT · The University of Melbourne · UCLA

Contact: Rushabh Mehta
Mobile: 98927 78200
Email: pentomime@outlook.com
Website: http://pentomime.weebly.com
Well-wisher: Mr. Mahendrabhai N. Shah (Gunderwala)

Advt


## કલ્યાણક ભૂમિ આરાધક મિત્ર મંડળ

C/o. **શશીકાન્ત નેમચંદ બૅન્કર**, ૮૦૮, બોમ્બે માર્કેટ અપાર્ટમેન્ટ્સ તારદેવ રોડ, મુંબઈ-૪૦૦ ૦૩૪. Mob.No.: 09819563424

સહર્ષ જણાવતાં આનંદ થાય છે કે મિત્રોના સહકારથી ૨૪ તીર્થંકર પરમાત્માઓની કલ્યાણક ભૂમિઓની સ્પર્શના, વંદન, ભક્તિ અને પૂજન કરાવવા માટે યાત્રા કરાવવાનું આયોજન કરેલ છે.

આ યાત્રામાં કોઈપણ વયના ઓછામાં ઓછા ૩૦ અને વધુમાં વધુ ૬૦ સાધર્મિકોને લઈ જવા માટે આયોજન કરેલ છે. આ યાત્રા લગભગ ૪૦/૪૫ દિવસની રહેશે. **જેનો અંદાજીત ખર્ચ રૂા. ૭૦,૦૦૦/- વ્યક્તિ દીઠ થવાની શક્યતા છે.**

આ યાત્રાનું આયોજન જાન્યુઆરી/ફેબ્રુઆરી ૨૦૧૫ના મહિનામાં કરવામાં આવશે જેની પૂરી વિગતો કાર્યક્રમ તૈયાર થયા પછી જણાવવામાં આવશે. **વહેલા તે પહેલાના ધોરણે તા. ૧૦-૯-૧૪ સુધીમાં નામ નોંધાવવા ઉપરોક્ત સરનામે સંપર્ક કરવા વિનંતી છે** જેથી કરી અમો વખતસર પ્રોગ્રામ ઘડી શકીએ.

Advt

## શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

### નૂતન સહાય યોજના

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/-** ● **સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/-** ● **દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ** ●

ADVT

## પાટણ જિનાલય પ્રભુભક્તિ અભિયાન સમિતિ

C/o.શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ,
૭૭, પી. જે. એમ. માર્ગ, મરીનડ્રાઈવ, મુંબઈ-૪૦૦ ૦૨૦

**૩૫ વર્ષથી વધુ વયના તમામ પટણી ભાઈઓનું મિલન**
**નિશ્રા પ. પૂ. પં. શ્રી મેઘદર્શન વિજયજી મ. સાહેબ**

**દિનાંક** : રવિવાર, તા. ૨૧-૦૯-૨૦૧૪
ભાદરવા વદ ૧૩ (પ્રથમ)

**સ્થળ** : **મથુરાદાસ વસનજી હોલ**
ઑગસ્ટ ક્રાંતિ માર્ગ, ગોવાલિયા ટેન્ક,
મુંબઈ-૪૦૦ ૦૨૬.

**સ્થળ** : બપોરના ૨-૩૦ કલાકે.

- **પાટણતીર્થ પ્રત્યે મમત્વ પ્રગટાવવા**
- **પાટણતીર્થના જિનાલયોની સુરક્ષા માટે સજ્જ થવા**
- **સાધર્મિક બંધુઓના ઉત્કર્ષાર્થે**
- **પરસ્પર લાગણી અને ઉત્સાહ પ્રગટાવવા**

પાટણના પનોતા પુત્ર પૂજ્યપાદ પંન્યાસપ્રવર **શ્રી મેઘદર્શન વિજયજી મ. સાહેબ**ની પાવન નિશ્રામાં યોજાયેલ આ અવસરે ૩૫ વર્ષ કે તેથી વધુ વયના તમામ ભાઈઓને પધારવા નમ્ર વિનંતિ.

**મિલન બાદ સાધર્મિક ભક્તિનો લાભ આપશોજી.**

## પ્રતિબિંબની પગથારે...

*છેલ્લા ૩૫ વર્ષોથી સાફલ્યના, સત્વ અને તત્ત્વ સાથેની દીર્ઘ યાત્રામાં સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓથી અને દાનગંગાના પ્રવાહથી આપને વાકેફ રાખવાનો પ્રયાસ પ્રતિબિંબના માધ્યમથી કરી રહ્યા છીએ. માહિતીસભર સ-રસ સાહિત્ય થકી પ્રતિબિંબે વસુધૈવ કુટુમ્બકમની ભાવનાને યથાર્થ કરી છે.*

*સંસ્થાના આદરણીય સ્થાપકો, સખીદાતાઓ, આજીમાજી પ્રમુખો, હોદ્દેદારો, મંત્રીઓ, લેખકો, કવિઓ, સમિતિના સભ્યો તથા મંડળના કાર્યાલયના સમર્પિત કાર્યકરોના સાથ, અને નિસ્વાર્થ ભક્તિએ પ્રગતિની દીપશિખાને પ્રદિપ્ત રાખી છે. બીજમાંથી ઘટાદાર વટવૃક્ષ બની રહેલ પ્રતિબિંબ પ્રકાશનના પ્રારંભ તથા ઘડતર માટે **સ્વ.શ્રી રસિકલાલ મણીલાલ શાહ, શ્રીમતી ચંદ્રાબેન હરસુખલાલ શાહ, શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ, શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ (ગુંદરવાલા), શ્રી અરવિંદભાઈ જીવાભાઈ શાહ, શ્રી ચંદ્રવદન સારાભાઈ શાહ, સમયોસમયના સંપાદક સમિતિના સભ્યો, સ્વ.શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ, સ્વ.શ્રી મહાસુખલાલ કેશવલાલ શાહ તથા ખાસ કરીને પ્રમુખ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહના અથાગ પરિશ્રમને બિરદાવીએ છીએ.***

❑ **સંપાદક સમિતિ**

## આંખોમાં...

અવકાશ ને આકાશ છે,
અણસાર છે ને આશય પણ!
ગોપિત એવું ગૌરવ છે,
વિધિની નિર્ધારિત આશ પણ!

વ્હાલ છે અને વિસ્મય છે,
વેદના, વ્યથા, વ્યવહાર પણ!
ધૈર્ય છે અને ઐશ્વર્ય છે,
પ્રેમ, પ્રસંગ ને પડઘા પણ!

સત્વ તત્ત્વ ને સાતત્ય છે,
તોખાર છે અને તોફાન પણ!
સ્વભાવ છે અને સ્વમાન પણ!
પરિવર્તન છે પરાવર્તન પણ!

રંગને સંગ અભંગ છે,
ઉર્મિ - ઉમંગ છે, ઉદધિ પણ!
દિશા છે, દશા છે, દ્રશ્ય છે,
અંતરે આભની અટારી પણ!

વિત્યા વર્ષોની ભવ્યતા છે,
ભાવીના ઉજાગર સ્વપ્ના પણ!
ઉડાન છે ને ઉંડાણ છે,
નજર છે અને નઝારો પણ!

બંધ આંખોમાં આશ્ચર્ય છે,
અને ખુલી તો હાહાકાર પણ!
કુદરતની કમાલ છે,
પૂતળી વીના અંધકાર પણ!

મ.ને.

## અભિનંદન

- તંબોલી વાડો, હાલ પ્રાર્થના સમાજ, મુંબઈ સ્થિત **શ્રીમતી જીતાબેન** તથા **શ્રી શૈલેષભાઈ સેવંતીલાલ શાહ** (માનદમંત્રી ફાઈનાન્સ, શ્રી પાટણ જૈન મંડળ)ના સુપુત્ર **ચિ. આગમ** M.S. in Bio-Medical Engineering ની ડીગ્રી `A' ગ્રેડ સાથે John Hopkings University માંથી મેળવી ઉત્તીર્ણ થયેલ છે તે બદલ અભિનંદન. **ચિ. આગમ** હવે Zurich University માંથી સુપર પોસ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસ કરી Ph.D. કરી રહ્યા છે. **ચિ. આગમ**ની ઝળહળતી સફળતાએ પરિવાર તથા સંસ્થાનું ગૌરવ વધારેલ છે. ઉપરોક્ત કોર્સના માર્ગદર્શન માટે **શૈલેષભાઈનો મોબાઈલ નંબર ૯૩૨૩૯૯૭૯૯૦ ઉપર સંપર્ક કરી શકો છો.**
- ફોફલીયા વાડો, ચોધરીની શેરી, હાલ સાંતાક્રુઝ સ્થિત **શ્રીમતી બારતીબેન** તથા **શ્રી પ્રકાશભાઈ મોહનલાલ શાહ**ના સુપુત્ર **ચિ. મનીષ** S.M.P.R. English School, Mulund ખાતે Xpress Math National Prelims-2013-14'ની સ્પર્ધામાં MET Rishikul Vidyalaya-Bandra તરફથી ભાગ લઈ છઠ્ઠા ક્રમાંકે ઉત્તીર્ણ થવા બદલ અભિનંદન.

## વ્યક્તિ વિશેષ : સ્મૃતિ સરિતાને તીરે...

# શેઠ શ્રી હેમચંદભાઈ મોહનલાલ ઝવેરી

*જેમના થકી સંસ્થાનો ઈતિહાસ ઉજ્જવળ બન્યો છે, એવા વ્યવહાર કુશળ દીર્ઘદ્રષ્ટાના જીવન કવનમાં એક નજર કરીએ. તેમણે કરેલ અદ્દભૂત કાર્યો થકી સંસ્થાના ઉત્થાન પ્રગતિના મૂળમાં રહેલ તથ્ય અને સત્યને પામવાનો આ સંનિષ્ઠ પ્રયાસ છે.*

**શ્રી હેમચંદભાઈ**નો જન્મ દિલ્હી ખાતે **શ્રીમતી મેનાબહેન મોહનલાલ મોતીચંદભાઈ**ને ત્યાં તા.૮-૦૮-૧૮૮૮ ના રોજ થયો હતો. શિક્ષણ પ્રાથમિક ધોરણથી વિશેષ ન હતું. તેઓએ સામાન્ય પરિસ્થિતિમાં જીવન શરૂ કર્યુ હતું. નાની વયમાં મુંબઈ ખાતે આવી તેમણે હીરા-ઝવેરાતનો ધંધો શરૂ કર્યો હતો. **શ્રી હેમચંદભાઈ**ના ત્રણ ભાઈઓ નામે **શ્રી ભોગીલાલભાઈ, શ્રી મણીલાલભાઈ** તથા **શ્રી ચંદુલાલભાઈ** સાથે ભાગીદારીમાં વર્ષ ૧૯૦૪ માં દેવકીબાઈ ભૂવન, ધનજી સ્ટ્રીટ મધ્યે **મે. હેમચંદ મોહનલાલની કાં.** ની સ્થાપના કરી. વર્ષ ૧૯૧૯ માં **મે.હેમચંદ બ્રધર્સ**ની સ્થાપના ડાયમંડ કલબ એન્ટવર્પ (બેલ્જિયમ) ખાતે કરી. તેઓશ્રીને ત્રણ બહેનો નામે **જાસુદબેન, કેસરબેન તથા તારાબેન** હતા. **શ્રી હેમચંદભાઈ**ના લગ્ન **હીરાબહેન** (રાધનપુર) સાથે થયા હતા. ત્યારબાદ તેઓ રીજ રોડ ઉપર ગોદરેજના મકાનમાં રહેવા ગયા. ત્યારબાદ **શ્રી હેમચંદભાઈ**એ **ડૉ.કીર્તિભાઈ ભણશાળી**ને લંડન ભણવા મોકલ્યા. વર્ષ ૧૯૩૩-૩૪ માં રીજરોડ ઉપર સાં સુશી નામે બંગલો બંધાવ્યો અને ત્યારબાદ તેઓ ત્યાં જ સ્થાયી થયા. ત્યારબાદ **શ્રી હેમચંદભાઈ**એ **સાં સુશી** બંગલો રાખ્યો અને **શ્રી ભોગીભાઈ પ્રેન્ટા**માં રહ્યા. તે જમાનામાં બન્ને બંગલાઓના બાથરૂમ અને લાઈટ ફીટીંગ એન્ટવર્પથી આયાત કર્યા હતા. **મ્હાત્રે** અને **ભૂતા** આર્કીટેકટ તરીકે અને પાટણના **શ્રી મણીલાલ મીસ્ત્રી**ને સુથારીકામ કરવા રોકયા. **શ્રી હેમચંદભાઈ**એ તળમજલો **જસ્ટીશ દિવેટિયા** અને **શ્રી ભોગીભાઈ**એ તેમના બંગલાનો તળમજલો **શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી**ને ભાડે આપ્યો. તેમનામાં સાદગીપૂર્ણ સૌંદર્ય ઉઘડતું જતું હતું પરિણામે હ્રદયની સંવેદના તેઓ પ્રગટાવી શકયા. આ સાથે અન્ય ધંધાઓમાં દેશવિદેશમાં તેઓશ્રીએ કુશાગ્ર બુધ્ધિમત્તા ધરાવતા વેપારી તરીકે નામના મેળવી. **મે. હેમચંદ મોહનલાલની કાં.** વતી હીરાની ખરીદી **શ્રી એચ.બી. શાહ** એન્ટવર્પ ખાતે કરતા. **શેઠ હેમચંદ મોહનલાલ**ના દાદા **મોતીચંદભાઈ સાકરચંદભાઈ** મૂળ રાજસ્થાનના અને **દુકાળને કારણે તેઓ પાટણ આવી વસ્યા.** તેઓ રેશમ, મશરૂમ અને ઝરીના કાપડનો દિલ્હીના વેપારીઓ સાથે ધંધો કરતા. દિલ્હીની દુકાનમાં આગ લાગતાં દુકાનનો સઘળો માલસામાન રાખ થઈ ગયો. બધી જ નુકશાની વ્યાજ સાથે **શ્રી હેમચંદભાઈ**એ ભરપાઈ કરી આપી. મમતા અને માદકતાનો સુભગ સમન્વય ધરાવતા તેઓશ્રી સ્પષ્ટપણે માનતા કે શ્રધ્ધાપૂર્વકની સખત અને સતત મહેનત કારકીર્દિમાં અચૂક ઉજ્જવળ તક આપે છે. ૧૭ વર્ષની યુવા વયે **શ્રી હેમચંદભાઈ** મુંબઈ આવ્યા. હીરાનો ધંધો શરૂ કરવા શ્રી મલુકચંદ મામાએ (**ડૉ.કીર્તિભાઈ ભણસાળી**ના પિતાશ્રી) તેમને રૂા.૧૩ આપ્યા હતા. સાંતાક્રુઝ મધ્યે માતાપિતા તથા ભાઈઓ સાથે બંગલો ભાડે રાખી રહેવા લાગ્યા. ૧૯૧૯ માં વિલેપાર્લે ખાતે ડાયમંડ હાઉસ નામનો બંગલો ખરીદ્યો, જયાં **શેઠ ખુબચંદ સ્વરૂપચંદ** તેમના પાડોશી હતા. શ્રી હેમચંદભાઈના ત્રણ દીકરાઓ નામે **શ્રી નિતીનભાઈ, શ્રી મયંકભાઈ તથા શ્રી મીતેનભાઈ** (નાનુભાઈ) અને નવ દીકરીઓ નામે **શ્રીમતી સુભદ્રાબેન મહેન્દ્રકુમાર પનાલાલ, શ્રીમતી સરસ્વતીબેન કેશરીચંદભાઈ ઝવેરી, શ્રીમતી ભગવતીબહેન પ્રતાપભાઈ ભોગીલાલ, શ્રીમતી કુસુમબેન નરોત્તમભાઈ ઝવેરી, શ્રીમતી સુશીલાબેન મુળચંદભાઈ શાહ, શ્રીમતી અરૂણાબેન ભગવાનદાસ શાહ, શ્રીમતી ભારતીબેન મહેન્દ્રભાઈ શાહ, શ્રીમતી પ્રવીણાબેન કૈલાસભાઈ પરીખ, શ્રીમતી રંજીતાબેન દિવ્યકાંતભાઈ શાહ**નો પરિવાર હતો. **શ્રી હેમચંદભાઈ** ચોપાટી ખાતે રહેમતુલ્લા વેસ્ટ વ્યુ ખાતે રહેવા આવ્યા હતા. ડૉ.**કીર્તિભાઈ** કે.ઈ.એમ. માં ભણતા અને **શ્રી હેમચંદભાઈ**ની સાથે રહેતા.



કાળક્રમે વર્ષ ૧૯૭૧ માં **શ્રી હેમચંદભાઈ**ના ત્રણે દીકરા જુદા થયા. અને **મે. હેમચંદ મોહનલાલની કાં.**માં આજે **શ્રી મિતેનભાઈ**ના પત્ની **શ્રીમતી ભાવનાબેન** તથા દીકરા **શ્રી કુબેરભાઈ** ભાગીદાર છે.

મુંબઈના આગેવાન વેપારી પ્રતિષ્ઠિત, બાહોશ, મિલનસાર ઉદારદીલ સજ્જન **શ્રી હેમચંદભાઈ** મહિલા ઉત્કર્ષના પ્રખર હિમાયતી, દીર્ઘદ્રષ્ટા અને બુધ્ધિશાળી કાર્યકર્તા હતા. મરીન ડ્રાઈવ ખાતે બંધાયેલા ત્રણે મકાનોમાં તેમનો સિંહફાળો રહ્યો હતો. તેઓશ્રી એક પારદર્શક, આભા અને અનોખા વ્યકિતત્વના સ્વામી હતા. **વર્ષ ૧૯૩૮ થી ૧૯૪૧ સુધી શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખપદે, ૧૧ વર્ષ ટ્રસ્ટી પદ સહિત કુલ ૩૨ વર્ષ સુધી નિષ્ઠાપૂર્વકની સેવાઓ આપી. મંડળની પ્રગતિમાં અનન્ય યોગદાન આપ્યું. ઈ.સ. ૧૯૩૮ વિક્રમ સંવત ૧૯૯૫ શ્રી પાટણ જૈન મંડળ બિલ્ડીંગ યોજનાનું ખાતમુહુર્ત સરદાર વલ્લભભાઈ પટેલના હસ્તક થયું હતું. ઈ.સ.૧૯૪૦ વિક્રમ સંવત ૧૯૯૬ માં શ્રી મોરારજીભાઈ દેસાઈ હસ્તે મકાનોનું ઉદ્દઘાટન થયું**, જે સમાજ ઉત્કર્ષ માટે મેઘધનુષી સાબિત થયું.

**સમાજ, શિક્ષિત, સામાજિક તેમજ ધાર્મિક હોય તેવા ઉત્તમ આશય સાથે ઈ.સ. ૧૯૧૨ માં વિક્રમ સંવત ૧૯૬૯ માં શ્રી પાટણ જૈન મંડળની સ્થાપના કરવામાં આવી. સ્વતંત્રતા ચળવળ સમયે ગાંધીજીની ધરપકડ સમયે કસ્તુરબાને હેમચંદભાઈના બંગલે રાખ્યા હતા.** કોંગ્રેસને શકય તેટલી મદદ તેઓએ કરી હતી. **રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ**માં **ગાંધીજી** સાથે એ જ સ્ટીમરમાં **શ્રી હેમચંદભાઈ** પણ યુરોપ ગયા હતા. **'ગાંધી'** ફિલ્મમાં **શ્રી હેમચંદભાઈ શ્રી મહાત્મા ગાંધીજી** સાથે જોવા મળે છે. **ગાંધીજીને શ્રી હેમચંદભાઈ**એ વીંટીમાંથી પસાર થઈ શકે તેવી કાશ્મીરી શાલની ભેટ આપી તેનો અસ્વીકાર કરતાં **ગાંધીજીએ** કહ્યું હતું કે હિન્દુસ્તાનના લોકો પાસે શરીર ઢાંકવા પુરા કપડા નથી તો હું આ શાલનો સ્વીકાર કરી શકું

નહિ. અને એ શાલનું લીલામ કરી પૈસા કોંગ્રેસના ફંડમાં જમા કર્યા. **શેઠ હેમચંદભાઈ**એ **સર પરસોતમદાસ ઠાકોરદાસ**ની વગ વાપરી ગવર્નરને કહીને ચોપાટીથી મરીન ડ્રાઈવ સુધીનો પાકો રસ્તો કરાવ્યો.

વર્ષ ૧૯૩૯ માં પાટણ મધ્યે તેમના પિતાશ્રી **શેઠ મોહનલાલ મોતીચંદ**ની યાદગીરીમાં રૂા.૫૧,૦૦૦/- ની સખાવત આપી **શ્રી પંચાસર જિનાલયના પરિસર**માં અનન્ય **શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન મંદિર** બંધાવ્યું.

લડાઈ દરમ્યાન પાટણના નાગરિકોને અડધી કિંમતે અનાજ મળે તેવી યોજના બે વર્ષ માટે તેઓએ શરૂ કરી હતી. પાટણમા જૈનો માટેના ભોજનાલય તથા અન્ય રાહત કાર્યો માટે **શ્રી હેમચંદભાઈ**ની દોરવણી હેઠળ **શ્રી પાટણ જૈન પંચાયત ફંડ** ઉભુ કરવામાં આવ્યું. પાટણના સંઘની પેઢી **શ્રી પંચાસરા પાર્શ્વનાથ જિનાલયની પેઢી, શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર** તથા **શ્રી પાટણ પંચાયત ફંડ** વિગેરેનો નાણાંકીય વહીવટ તેઓશ્રીની દેખરેખ નીચે સંભાળવામાં આવતો. કોઈપણ સંસ્થા કે વ્યકિત તેમની પેઢી પરથી ખાલી હાથે પાછી ન ફરતી. તેમની સભાનતા અને સમજને કારણે તેઓ નીતનવા સફળતાના શિખરો સર કરતા.



તેઓશ્રી લાગણી પ્રધાન, પરોપકારી, પ્રેમાળ અને મિલનસાર સ્વભાવી વ્યકિતત્વ ધરાવતા. સને ૧૯૩૦ અને ત્યારબાદના વર્ષોમાં અસહકારની ચળવળમાં તેઓ સહાયભૂત બન્યા હતા.

**શેઠ શ્રી હેમચંદભાઈએ રાષ્ટ્રપિતા ગાંધીજી, લોખંડી પુરૂષ શ્રી વલ્લભભાઈ પટેલ, શ્રી વિઠલભાઈ પટેલ, શ્રી સુભાષચંદ્ર બોઝ, શ્રી મોરારજીભાઈ દેસાઈ, શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી, જસ્ટીસ એચ.વી. દીવેટીયા** વિગેરે મહાનુભાવો સાથે અદ્દભુત ઘરોબો કેળવ્યો હતો. **ભારતીય આરોગ્ય નિધિ** સંચાલિત જનહિતાર્થે પાટણમાં **શ્રી હેમચંદ મોહનલાલ ટી.બી. સેનેટોરિયમ** સ્થાપવા તેમને કરેલ રૂા.૫૦,૦૦૦/- ની સખાવત બદલ **પબ્લિક વેલફેર ફાઉન્ડેશન ઈનકોર્પોરેશન વોશીંગ્ટન વર્જીનીયાના પ્રમુખ કલૌડીઆ હેઈન્સ માર્ચે** હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

**શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર**નું ઉદ્દઘાટન તત્કાલિન **મુંબઈ રાજયના ગૃહપ્રધાન વિદ્યાપુરૂષ કનૈયાલાલ માણેકલાલ મુનશી**ના વરદ હસ્તે ૭ મી એપ્રિલ ૧૯૩૯ ના રોજ કરવામાં આવ્યું હતું. આર્કીટેકટ તરીકે **બેલ્જિયમના સ્થપતિ શ્રી ગેસ્પર**ની સેવા લેવામાં આવી હતી. આ સંપૂર્ણ ભવન ફાયરપ્રુફ છે. જેના લોખંડના દરવાજા હવાચુસ્ત બારણાવાળા છે. અંદાજીત ૨૬૦૦૦ ચિત્ર વિભાગવાળું એક વિજ્ઞપ્તિ પત્રનું ઓળિયું ફિલોસોફી, કળા, સાહિત્ય, એસ્ટ્રોલોજી, એસ્ટ્રોનોમી, ગણિત, મેડીસીન, મનોવૈજ્ઞાનિક તથા યંત્ર, તંત્ર અને મંત્રના વિષયોને આવરી લેવામાં આવ્યા છે, જે અત્રે ભંડારમાં અસ્તિત્વ ધરાવે છે. સંસ્કૃત, પ્રાકૃતની પ્રતો ઉપરાંત મધ્યકાલીન ગુજરાતી કૃતિઓ પણ અત્રે સુરક્ષિત છે. આ જ્ઞાનમંદિરમાં ભોજપત્ર, તાડપત્ર, કાગળ અને કાપડ ઉપર ઈ.સ. ૧૧ મી થી ૧૯-૨૦ મી સદીની હસ્તપ્રતો ગરમી, ભેજવાળા હવામાનથી તથા ધૂળના રજકણોથી બચાવવાના હેતુસર ફાયરપ્રુફ ભવનમાં હવાચુસ્ત લોખંડના ૪૦ કબાટોમાં, લાકડાની પેટીઓમાં મૂકવામાં આવી છે. જંતુનાશક દવાઓનો ઉપયોગ પણ કરવામાં આવ્યો છે. આ પ્રતોનું સંશોધન, સંપાદન અને પ્રકાશન ગુજરાતી સાહિત્યને અનેરી પુષ્ટિ આપે છે. **એલ્ફિન્સ્ટન કોલેજ**ના અંગ્રેજીના ખ્યાતનામ **પ્રાધ્યાપક પીટરસન** લખે છે કે, પાટણના આ ભવ્ય જ્ઞાનમંદિરમાં અદ્દભુત સંગ્રહ યુરોપીયન વિશારદોને પણ શરમાવે તેવો છે.

**ડૉ.પીટરસન, ડૉ.ભુલ્લર તથા ડૉ.હીલહોરે** મેન્યુસ્ક્રીપ્ટના ઉંડા અભ્યાસ માટે આ જ્ઞાનમંદિરની મુલાકાત લીધી હતી. પશ્ચિમના દેશોમાંથી મુલાકાત લેનાર ઈતિહાસવિદ **જેમ્સ ટોડેલ, ડૉ. ઓલસોડોર્ફ, ડૉ.એલેકઝાન્ડર, શ્રી ફોર્બસ, ડૉ.ભંડારકર, શ્રી કથાવટે, ડૉ.ભોગીલાલ સાંડેસરા** (અરિએન્ટ ટીચર્સ ઈન્સ્ટીટયુટ-બરોડાના પૂર્વ ડાયરેકટર) **તથા શ્રી રામચંદ્ર દીનાનાથ શાસ્ત્રી**નો સમાવેશ થાય છે. **શેઠ હેમચંદભાઈ**ના પત્ની **શ્રીમતી હીરાબહેન**નું અવસાન તા.૩૧-૦૩-૧૯૪૫ ના રોજ ટૂંકી માંદગી બાદ ન્યુયોર્ક (અમેરીકા) મધ્યે થયું. **શ્રી હેમચંદભાઈ ઝવેરી**નું નિધન મુંબઈ મધ્યે સંવત ૨૦૧૩ ના વૈશાખ વદી ૧ તા.૧૩-૦૫-૧૯૫૭ ના રોજ થયું. પાટણ સમાજનો રાહબર પ્રદિપ્ત દિપક સદા માટે બુઝાઈ ગયો.

